# 'સત્સંગ પરિચય-૨' પરીક્ષાર્થીઓના માર્ગદર્શન માટે તેજસ્વી પરીક્ષાર્થી દ્વારા લખાયેલ જવાબવહી

રવિવાર, ૫ જુલાઈ, ૨૦૦૯ | સમય : બપોરે ૨ થી ૪.૧૫ | કુલ ગુણ :- ૭૫

ફક્ત ગેરહાજર પરીક્ષાર્થીઓ માટે જ નીચેની લીટીવાળા ભાગથી કાપીને 'બારકોડવાળું' ફક્ત આ એક જ પૃષ્ઠ, પત્રક - A તથા પત્રક - B જોડે ભૂલ્યાં વગર પરત મોકલવું.

स्वामिनारायण

BAPS

**ગેરહાજર પરીક્ષાર્થીની જવાબવહીનું ફક્ત આ પૃષ્ઠ જ પરત મોકલવું.**

☞ **પરીક્ષાર્થીની નામ સંબંધી વિગતની નીચે 'બારકોડ' દર્શાવેલ છે, તેને કોઈ પણ પ્રકારનું નુકશાન પહોંચાડવું નહીં તેવી ખાસ વિનંતી.**

**ફરજિયાત : પરીક્ષાર્થીએ જાતે ભરવાની વિગત**

પરીક્ષાર્થીની જન્મ તારીખ (તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐)

પરીક્ષાર્થીનો અભ્યાસ ..............................................................

પરીક્ષાર્થીના જ નામવાળી જવાબવહી અને ઉપરની ફરજિયાત ભરવાની તેની જ વિગતોની સત્યાર્થતા ચકાસીને વર્ગસુપરવાઈઝરે સહી કરવી.

વર્ગસુપરવાઇઝરની સહી ..............................................

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલ ગુણ |
|---|---|---|
| | ૧ (૯) | |
| | ૨ (૬) | |
| | ૩ (૫) | |
| | ૪ (૫) | |
| | ૫ (૫) | |
| | ૬ (૮) | |
| વિભાગ - ૧, કુલ ગુણ | | |

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલ ગુણ |
|---|---|---|
| | ૭ (૯) | |
| | ૮ (૬) | |
| | ૯ (૫) | |
| | ૧૦ (૫) | |
| | ૧૧ (૬) | |
| | ૧૨ (૬) | |
| વિભાગ - ૨, કુલ ગુણ | | |

☞ **પાછળ લખેલી સૂચનાઓનું અવશ્ય પાલન કરવું.**

**પેપર તપાસનાર(પરીક્ષક)ની સહી**

................................

**મોડરેશન વિભાગ માટે જ**

ગુણ શબ્દોમાં . . . . . . . . . . . . .

ચેકર - નામ

## પરીક્ષાર્થીઓને અગત્યની સૂચના :-

**૧.** **આગળના મુખ્ય પૃષ્ઠ ઉપર પરીક્ષાર્થીની નામ સંબંધી વિગતની નીચે બારકોડ દર્શાવેલ છે, તેને કોઈપણ પ્રકારનું નુકશાન પહોંચાડવું નહીં તેવી ખાસ વિનંતી.**

**૨.** પરીક્ષાર્થીએ ખૂબ જ સ્પષ્ટ તથા સુંદર અક્ષરે આગળના પાનામાં માંગ્યા મુજબ વિગતો ભરવી ફરજિયાત છે.

**૩.** આપે ઉત્તરવહીમાં (જવાબવહીમાં) ક્યાંય કોઈ પણ જગ્યાએ આપનું નામ લખવાનું નથી.

**૪.** મુખ્ય પરીક્ષા દિને વર્ગખંડમાં હાજર રહેલા પ્રત્યેક પરીક્ષાર્થી ભૂલ્યા વગર પોતાના જ નામવાળી જવાબવહી ઉપર વર્ગસુપરવાઇઝરની સહી કરાવી લે.

**૫.** **વર્ગસુપરવાઇઝરની સહી વગરની જવાબવહી માન્ય ગણાશે નહીં.**

**૬.** પ્રશ્નના ગુણ → | ગુણ : ૧ | | ← પરીક્ષકે પ્રશ્ન તપાસીને મૂકવાના ગુણની જગ્યા

**૭.** **પરીક્ષાર્થી ફક્ત વાદળી અથવા ફક્ત કાળી શાહીવાળી પેનથી જ જવાબવહીમાં ઉત્તરો લખે. પેન્સિલથી, લાલ, લીલી કે અન્ય શાહીથી અથવા એકથી વધારે શાહીથી લખેલા ઉત્તરો માન્ય ગણાશે નહીં.**

**૮.** પ્રશ્નોના જવાબ સૂચના મુજબ આપવા. છેકછાકવાળા જવાબો માન્ય ગણાશે નહીં.

**૯.** **પરીક્ષા ખંડની બહાર** કે અન્ય તમામ પરીક્ષાર્થીઓથી અલગ કે પરીક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરીને આપેલી પરીક્ષા માન્ય ગણાશે નહિ.

**૧૦.** **પરીક્ષા કાર્યાલય, અમદાવાદની પૂર્વ મંજૂરી લીધા સિવાય, મૂળ પરીક્ષાર્થીના બદલે 'લહિયા', 'ડમી રાઈટર' કે 'અન્ય વ્યક્તિ' દ્વારા લખાઈને આવેલ પરીક્ષાની જવાબવહી રદ ગણવામાં આવશે. એકથી વધારે પ્રકારના જુદા જુદા અક્ષરોવાળા ઉત્તરો માન્ય નહિ ગણાય.**

**૧૧.** **જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલ ઉત્તર માન્ય ગણાશે નહિ.**

## *Important Instructions For Satsang Exam Students*

1. **Please do not damage in any way the bar code printed on the front page.**
2. Please write clearly and legibly.
3. Do not write your name on the answer book.
4. On the day of the Final Satsang Examinations, all examinees should obtain the signature of the class supervisor on the answer sheet bearing their own personal details only.
5. Answer books without the signature of the Class Supervisor will be considered **NOT VALID.**
6. Marks for Question → | 1 Mark | | ← Space for Examiner to write marks
7. **Write your answers with either a blue or black pen only. Answers written in pencil, or with a red, green or any other coloured pen will not be considered valid. Answers written in more than one coloured ink will not be considered valid.**
8. Follow the instructions while answering. Answers crossed out will not be considered valid.
9. Examinations taken at **unauthorized locations** or in which the exam rules have been violated will not be considered valid.
10. **Without the prior permission of the Pariksha Karyalay in Ahmedabad, answer papers written by substitute writers in place of the original candidate will not be accepted. Answer papers with more than one type of handwriting will not be accepted.**
11. **Answers written on extra pages will not be considered valid.**

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૧ | |
|---|---|---|

**પરિચય-૨**

## વિભાગ - ૧ : કિશોર સત્સંગ પરિચય

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

૧. ''ભક્તને ભગવાનમાં કેવી પ્રીતિ હોય ?''

કોણ કહે છે ? ભાઈચંદભાઈ કોને કહે છે ? મહારાજને

ક્યારે કહે છે ? સૂરત કથાવાર્તાના પ્રસંગમાં મહારાજે વાત કરી કે જેણે પોતાનું કલ્યાણ ઇચ્છવું હોય, તેણે ધર્મે સહિત જ ભક્તિ કરવી.

ગુણ : ૩

૨. ''એ સ્વામિનારાયણ તો નથી ને ?''

કોણ કહે છે ? બે કાઠી સવાર કોને કહે છે ? નાજા જોગિયાને

ક્યારે કહે છે ? નાજા જોગિયા એક વખત ગાડી હાંકતા હતા અને મહારાજ અંદર સૂતા હતા. તે વખતે જીવા ખાચરના બે કાઠી સવારોએ નાજા જોગિયાને પૂછ્યું.

ગુણ : ૩

૩. ''મનુષ્ય તો લીંબડી કે નીચે દેખા હૈ.''

કોણ કહે છે ? સ્વરૂપાનંદ સ્વામી કોને કહે છે ? શ્રીજીમહારાજને

ક્યારે કહે છે ? ગામડે ફરીને આવેલા સ્વરૂપાનંદ સ્વામીને શ્રીજીમહારાજે પૂછ્યું કે દેશમાં મનુષ્ય કેવા છે ? ત્યારે કહે છે.

ગુણ : ૩

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. પ્રધાનપુત્રે રાજકુમારના ગળે છેકો માર્યો છતાં રાજકુમારે પ્રધાનપુત્રને કાંઈ પૂછ્યું નહિ.

રાજકુમારને સાચો મિત્રભાવ અને અખૂટ વિશ્વાસ હતો કે મિત્ર મારું કાંઈ ખરાબ કરશે જ નહિ. માટે રાજકુમારે પ્રધાનપુત્રને કાંઈ પૂછ્યું નહિ.

ગુણ : ૨

૨. ગોરધનભાઈ શ્રીજીમહારાજને પેંડા જમાડવાને બદલે પોતે જમવા લાગ્યા.

ગોરધનભાઈ અંતરમાં મહારાજને ધારીને જમ્યા છે. તેથી મહારાજ જમ્યા બરાબર છે. જેમ દુર્વાસા ઋષિ ભગવાનને સંભારીને ગોપીઓના સોળહજાર એકસોને આઠ થાળ જમી ગયા તો પણ ઉપવાસી કહેવાયા. તેમ શેઠ ત્રણેય અવસ્થામાં પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને અમારું અખંડ ભજન કરે છે અને સમદૃષ્ટિવાળા છે. તેમને સાકર ને મીઠું સમ થઈ ગયું છે.

ગુણ : ૨

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૨ | |
|---|---|---|

૩. ભગવાનના ભક્તે કોઈ દિવસ કુસંગ ન કરવો.

કુસંગ વિષે ચૈતન્ય મહાપ્રભુએ કહ્યું છે કે ગાયના સીંગની ટોચ પર સરસવનો દાણો જેટલો સમય સ્થિર રહે તેટલો જ સમય જો કોઈ કુસંગ કરે તો તેના જન્મોજન્મનાં એકઠાં થયેલાં પુણ્યનો નાશ થઈ જાય છે. ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે કે પાપીનો વાયરો આવે તો સાઠ હજાર વરસનું પુણ્ય બળીને ભસ્મ થઈ જાય છે. અમૃત જેવું દૂધ હોય અને તેમાં સર્પની લાળ પડે તો તે ઝેર થઈ જાય છે તેમ મહારાજ કહે છે (કુસંગી મળે અને તેના વચનને વિષે શ્રદ્ધાવાન થાય તો વૈરાગ્ય, વિવેક, સ્વધર્મ આદિ જે સર્વે ગુણ નાશ પામી જાય છે અને કામ, ક્રોધ લોભ, મોહ વગેરે વિકાર આવે છે. માટે ભગવાનના ભક્ત હોય તેમણે કોઈ દિવસ કુસંગ ન કરવો જોઈએ.) ગુણ : ૨

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૩** ''હિમરાજ શાહ'' - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

હિમરાજ શાહ સુંદરિયાણા ગામનાં મોઢ વણિક જ્ઞાતિના આગેવાન હતા. તેઓ વૈષ્ણવ સંપ્રદાયના ગોંસાઈજીના અનન્ય સેવક હતા. તેમને ત્રણ પુત્રો હતા. જેમાં સૌથી મોટા વનાશા સ્વામિનારાયણનાં સત્સંગી થયાં હતાં. તેથી જ્યારે તેઓ હિમરાજ શાહને સ્વામિનારાયણના મહિમાની વાતો કરે ત્યારે તેઓ કહેતા કે 'સ્વામી તો એક વલ્લભ સ્વામી બીજા બધા તો દેવ તુલ્ય.' તેઓ અનન્ય ભક્તની સાથે નિષ્ણાત વૈદ્ય પણ હતા. એક વખત ગોપાળાનંદ સ્વામી સુંદરિયાણા પધાર્યા. તે વખતે વનાશાએ તેમના પિતાશ્રીને ગોપાળાનંદ સ્વામીની તબિયત નરમ છે તેમ કહીને તેમને નાડી જોવા બોલાવ્યા. હિમરાજભાઈએ નાડી જોવા કાંડું પકડ્યું, પણ નાડી હાથમાં આવી નહીં. હાથ, પગ, કંઠ, સાથળ જ્યાં નાડી પકડવા જાય ત્યાં નાડી હાથમાં આવે નહીં. ત્યારે તેમણે મનોમન વિચાર કર્યો કે આ કોઈ સામાન્ય પુરૂષ નથી. તેણે અષ્ટાંગ યોગ સિદ્ધ કર્યો હોય તેમ લાગે છે. તેથી વલ્લભ સ્વામી જેવા તો આ ગોપાળાનંદ સ્વામી છે. ત્યારે તેમના ગુરુ સ્વામિનારાયણ તો ભગવાન હોવા જ જોઈએ અને તેઓ ગોપાળાનંદ સ્વામી પાસે વર્તમાન ધરાવી સત્સંગી થયાં. સ્વામિનારાયણનાં સત્સંગી થવાથી તેમના સગાસંબંધી, ગોંસાઈજી, નાત, ગામ તરફથી ખૂબ જ સહન કરવું પડ્યું. અને તેમને નાત બહાર કાઢ્યા. છતાં તેમણે ટેક છોડી નહીં. અને પોતાના દીકરાઓને પણ શીખ આપી કે 'આ સંસાર તો નાશવંત છે. માટે ધીરજ રાખી અને બીજાથી ડર્યા વગર સત્સંગની ટેક તો દૃઢપણે રાખવી. શ્રીજી રીઝે એમ જ કરવું.' એટલું કહી મહારાજનું સ્મરણ કરતાં અક્ષરધામમાં બિરાજી ગયા.

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૩ | | પ્ર-૪ | |
|---|---|---|---|---|

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

૧. વચનામૃત ગઢડા અંત્ય ૩૮ પ્રમાણે કોણ જીવતે કે મરીને સુખી ન થાય ? (ગુણ : ૧)

જેને દ્રવ્યાદિકનો લોભ, સ્ત્રીને વિષે બેઠા ઊઠ્યાની વાસના તથા રસને વિષે જીહ્વાની આસક્તિ છે તેને કોઈ દિવસ જીવતે કે મરીને પણ સુખ તો ક્યારેય થાય જ નહિ.

૨. ગૃહસ્થનાં પંચવર્તમાન કયા કયા છે ? (ગુણ : ૧)

ગૃહસ્થનાં પંચવર્તમાન દારૂ, માંસ, ચોરી, વ્યાભિચાર તથા વટલવું-વટલાવવું નહિ છે.

૩. 'રે શ્યામ તમે સાચું નાણું...' એ પદના રચયિતા કોણ છે ? (ગુણ : ૧)

'રે શ્યામ તમે સાચું નાણું...' પદના રચયિતા મુક્તાનંદ સ્વામી છે.

૪. શ્રીજીમહારાજને સર્વોપરી ભગવાન જાણ્યા પછી રાજબાઈએ કયો નિશ્ચય કર્યો ? (ગુણ : ૧)

આ દેહે કરીને વિષય સુખનો ત્યાગ કરીને અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય અખંડ પાળી શ્રીજીમહારાજની સેવામાં રહેવાનો રાજબાઈએ નિશ્ચય કર્યો.

૫. શ્રીજીમહારાજે પોતાના આશ્રિત ભક્તોને કયા પાંચ દેવતાઓને પૂજ્યપણે માનવા આજ્ઞા કરી છે ? (ગુણ : ૧)

શ્રીજીમહારાજે પોતાના આશ્રિત ભક્તોને વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય એ પાંચ દેવોને પૂજ્યપણે માનવાની આજ્ઞા કરી છે.

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૫** વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ - ૧૬નું **નિરૂપણ લખો. (કુલ ગુણ : ૫)**

શ્રીજીમહારાજે ગ. પ્ર. ૧૬મા પોતાનો અવગુણ જુએ તે વિવેકી અને બીજાનો અવગુણ જુવે તે અવિવેકી છે એમ સમજાવ્યું છે. જેને સત્સંગમાં આગળ વધવું હોય તે તો પોતાના અવગુણ તપાસીને તેનો ત્યાગ કરી દે. કેટલાક પોતાના દોષ ઓળખે ખરા પણ ટાળવાનો પ્રયત્ન ન કરે. પણ અવગુણ ટાળવાનો પ્રયત્ન તે વિવેક છે. પોતાનો ગુણ જોવાથી દેહાભિમાન દૃઢ થતું જાય છે. પરમેશ્વર અને સંતમાં અવગુણ છે જ નહિ પણ પોતાની દૃષ્ટિ દોષિત છે તેથી અવગુણ ભાસે છે. વિવેકી ભક્તને તો પોતાના ઈષ્ટદેવ એવા જે ભગવાન અને સંત તેમાં કોઈ દોષ દેખાતો જ નથી.

આ ઉપરાંત પરમેશ્વર તથા સંત જે જે વચન કહે તેને પરમ સત્ય કરીને જ માને. લૌકિક કાર્યોમાં પણ આપણે અનુભવી પુરુષોમાં વિશ્વાસ રાખીએ છીએ તો આ લોકનું કામ સરળ થઈ જાય છે. મોક્ષના માર્ગમાં આપણને ભગવાન અને સંતની પ્રાપ્તિ થઈ છે તો બીજો કોઈ સ્વાર્થ સાધવો નથી. પણ કેવળ આપણા જીવના રૂડા સારુ આપણને ઉપદેશ દે છે, દોષ બતાવે છે. તેઓ આપણને સવળે રસ્તે જ ચઢાવશે

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૫ | | પ્ર-૬ | |
|---|---|---|---|---|

એવો દૃઢ વિશ્વાસ રાખીને સત્સંગ કરવાથી અવિવેક ટળી જાય છે.

સત્પુરુષની આજ્ઞા 'આ દેહ તે તારું સ્વરૂપ નથી. કારણ દેહ ઇન્દ્રિયો આદિક નાશવંત છે. તારો જે આત્મા તે જ તારું સાચું સ્વરૂપ છે.' તે માનીને વિવેકી ભક્ત મનની ઇચ્છાઓ પ્રમાણે તણાઈ જતો નથી પણ આત્મારૂપે વર્તે છે. પણ પોતાને બંધન થાય તેવા જગતના પંચવિષયના પદાર્થોમાં લોભાતો નથી. કુસંગને ઓળખીને દૂર રહે છે. વિઘ્નરૂપ વિચારોનો ત્યાગ કરી મોક્ષમાર્ગમાં ઉપયોગી એવા સવળા વિચારોને જ ગ્રહણ કરે છે, ત્યારે સાચો વિવેક આવે છે.

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૬ નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૮)**

૧. જરકસીઓ જામો હરિ પહેરી, માથે બાંધી પાઘ સોનેરી, ગૂંઢો રેંટો ઓઢી મન લલચાવતા રે...,
રૂડા. હૈડે હાર ગુલાબી ફોરે, ચિત્ત મારું રોકી રાખ્યું તોરે,
ગજરા કાજુ બાજુ મન મારે ભાવતા રે. ગુણ : ૨

૨. રે મૂરખ લોક મરે ભટકી, જૂઠા સંગે હારે શિર પટકી, તેથી મારી મનવૃત્તિ અટકી..... રે.
રે અખંડ અલૌકિક સુખ સારું, રે જોઈ જોઈ મન મોહ્યું મારું, ધરા ધન
તમ ઉપર વારું. ગુણ : ૨

૩. अन्यक्षेत्रे कृतं पापं तीर्थक्षेत्रे विनश्यति ।
तीर्थक्षेत्रे कृतं पापं वज्रलेपो
भविष्यति ॥ ગુણ : ૨

૪. गुणिनां गुणवत्ताया ....... विदोऽप्यधः ॥ – શ્લોકનું ગુજરાતી ભાષાંતર લખો.

અને વિદ્યાદિક ગુણવાળા જે પુરુષ તેમના ગુણવાનપણાનું એ જ પરમ ફળ જાણવું; કયું તો જે શ્રીકૃષ્ણ ભગવાનને વિષે ભક્તિ કરવી અને સત્સંગ કરવો અને એમ ભક્તિ અને સત્સંગ એ બે વિના તો વિદ્વાન હોય તે પણ અધોગતિને પામે છે.

ગુણ : ૨

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૭ | |
|---|---|---|

## વિભાગ - ૨ : પ્રાગજી ભક્ત

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

૧. ''તું જૂનેગઢ જજે.''

કોણ કહે છે ? ગોપાળાનંદ સ્વામી કોને કહે છે ? પ્રાગજી ભક્તને

ક્યારે કહે છે ? અતિશય પ્રેમ ઉભરાઈ જતાં એકવાર ગોપાળાનંદ સ્વામીએ પ્રાગજી ભક્તને કહ્યું હતું.

ગુણ : ૩

૨. ''બહુ પારસાવ્યા ?''

કોણ કહે છે ? મનજી ઠક્કર તથા નથુ પટેલ કોને કહે છે ? સ્વામીને

ક્યારે કહે છે ? સાધુના કસબની વાત સ્વામીશ્રીએ સભામાં કરી ત્યારે સભા સ્વામીની અમૃતવાણીના પ્રવાહમાં લીન થઈ ગઈ હતી ત્યારે.

ગુણ : ૩

૩. ''હું ક્યાં ગયો છું, તમારામાં અખંડ રહ્યો છું.''

કોણ કહે છે ? શ્રીજીમહારાજ કોને કહે છે ? યજ્ઞપુરુષદાસને

ક્યારે કહે છે ? ભગતજીના ધામગમન અને અગ્નિસંસ્કારના સમાચારથી યજ્ઞપુરુષદાસજી દુઃખી અને ઉદાસ થઈ ગયા. સ્નાન કરવા જતાં એકાએક પડી ગયા ત્યારે મહારાજે દર્શન દઈને કહ્યું.

ગુણ : ૩

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. ઉનામાં ગુણાતીતાનંદ સ્વામીને ઠપકો આપવાની વાત મનમાં જ રહી ગઈ.

કેટલાક સંતો અને આચાર્ય ભગવતપ્રસાદ મહારાજે સ્વામીને ઠપકો દેવાનો નિશ્ચય કર્યો. સ્વામીને ઉના તેડાવ્યા. ત્યાં જતા હતા અને રસ્તામાં જ સમાચાર મળ્યા કે 'ધોલેરામાં કૃષ્ણપ્રસાદજી મહારાજ ધામમાં ગયા એટલે આચાર્ય મહારાજ અને સંતો વરતાલ પાછા ગયા છે.' આમ સ્વામીને ઉનામાં બોલાવી ઠપકો દેવાનો ઠરાવ સૌના મનમાં જ રહી ગયો.

ગુણ : ૨

૨. ગુણાતીતાનંદ સ્વામી ચંદની જોઈ રોઈ પડ્યા.

જૂનાગઢમાં ભીમ એકાદશીના સમૈયા પર ભગતજીએ સીવેલી ચંદની ચોકમાં બાંધેલી હતી. તે જોઈ ભગતજીને સંભારી સ્વામીશ્રી બોલ્યા, ''એણે કેનો બાપ માર્યો હશે કે એને સત્સંગ બહાર કર્યો ? એને વિમુખ કરનારા જ વિમુખ છે.'' આમ, ગુણાતીતાનંદ સ્વામી ચંદની જોઈ રઈ પડ્યા.

ગુણ : ૨

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૮ | | પ્ર-૯ | |
|---|---|---|---|---|

૩. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, ''આ તો પાતાળે પાયા નાંખ્યા છે, પાછું ખેંચાય તેમ નથી.''

કેટલાક સત્સંગી દરબારોએ સ્વામીને કહ્યું, ''તમે કોઈ બ્રાહ્મણ, સાધુ, વિદ્વાનને ઐશ્વર્ય ન આપ્યું ને આ દરજીને આપી દીધું. આવું કેમ કર્યું ?'' સ્વામી કહે, ''મારે તો ઘણું નહોતું આપવું, પણ એણે મને સેવા-ભક્તિથી બાંધી દીધો એટલે હાથછૂટી બલા જેવું થઈ ગયું છે.'' ત્યારે દરબારોએ હવે પાછું ખેંચી લો એમ કહ્યું ત્યારે સ્વામીએ કહ્યું, ''આ તો પાતાળે પાયા નાંખ્યા છે, પાછું ખેંચાય તેમ નથી.''

| ગુણ : ૨ | |
|---|---|

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

પ્ર.૯ ''જૂનાગઢમાં અપૂર્વ સન્માન.'' - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

ભગતજી મહારાજ સત્સંગમાંથી વિમુખ થયા બાદ અનેક ઉપાધિ આવી. અને આચાર્ય મહારાજની આજ્ઞા વગર જૂનાગઢ જવાય નહિ. આથી યજ્ઞપુરુષદાસજીએ વિચાર કર્યો કે 'જ્યાં ભગતજીનું અપમાન થયું હતું. ત્યાં જ તેમનું ભવ્ય સન્માન થવું જોઈએ.' એટલે તેમણે આચાર્ય મહારાજને પત્ર લખીને જણાવ્યું કે સં. ૧૯૫૩માં જૂનાગઢમાં જન્માષ્ટમીના સમૈયામાં ભગતજી મહારાજને પધરાવવા છે. ભગતજી મહારાજ જૂનાગઢ પધાર્યા ત્યારે તેમનું આચાર્ય મહારાજની સાથે જ વાજતે ગાજતે સામૈયું થયું. આચાર્ય મહારાજની જેમ જ ભગતજી તથા સાથેના હરિભક્તોને એક સુશોભિત ગાડીમાં પધરાવ્યા હતા. મંદિરમાં પણ ઉતારાની ઉત્તમ સગવડ કરી હતી. આ યોજનામાં તેમને જીભાઈનો પણ સહકાર હતો. જૂનાગઢમાં તેમણે હરિભક્તોને કથાવાર્તાનો ખૂબ જ લાભ આપ્યો અને દરેકનાં અંતર ટાઢા કરી નાંખ્યા. આ રીતે જૂનાગઢના આ સમૈયામાં પધારી ભગતજીએ યજ્ઞપુરુષદાસજીના બધા મનોરથ પૂરા કર્યા.

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૧૦ | | પ્ર-૧૧ | |
|---|---|---|---|---|

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

૧. ગુણાતીતાનંદ સ્વામીએ પ્રાગજી ભક્તને કોની સેવામાં મૂક્યા ? ગુણ : ૧

ગુણાતીતાનંદ સ્વામીએ પ્રાગજી ભક્તને વાઘાખાચરની સેવામાં મૂક્યા.

૨. પ્રાગજી ભક્ત ગુણાતીતાનંદ સ્વામીને રાજી કરવા મંદિરમાં કઈ કઈ ક્રિયા કરતા ? ગુણ : ૧

પ્રાગજી ભક્ત સ્વામીને રાજી કરવા મંદિરમાં વાળંદ, દરજી, કડિયા, સુથાર, લુહાર અને વેરણિયાની ક્રિયા કરતા.

૩. ભગતજી મહારાજ યજ્ઞપુરુષદાસ પ્રત્યે શું કહીને પક્ષપાત દાખવતા ? ગુણ : ૧

'આ તો મારો કોડિલો લાલ છે' કહીને યજ્ઞપુરુષદાસ પ્રત્યે પક્ષપાત દાખવતા.

૪. ભગતજી મહારાજે અઢાર હજાર માળા શા માટે ફેરવી ? ગુણ : ૧

ભગતજીએ પોતાના હરિભક્તોના સુખને માટે અઢાર હજાર માળા ફેરવી હતી.

૫. ખરું જ્ઞાન થયું ક્યારે કહેવાય ? ગુણ : ૧

જેમ તલવાર ને મ્યાન નોખાં ખખડે તેમ દેહ અને આત્મા નોખાં જણાય ત્યારે ખરું જ્ઞાન થયું કહેવાય.

**ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા**

**પ્ર.૧૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૬)**

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. બાળમુકુંદદાસજી પ્રાગજી ભક્તને બોલાવવા ગયા ત્યારે કહ્યું, ગુણ : ૨

(૧) [ ] તમે પંડે અક્ષર ? (૨) [ ] આપ સૌના પાપ બાળી શુદ્ધ કરો છો, પણ પછી શું ?

(૩) [✔] ગુણાતીત ઊઠો. (૪) [✔] પ્રાગજી ભક્ત ! ઊઠો, સ્વામી બોલાવે છે.

૨. પ્રાગજી ભક્તે ગુણાતીતાનંદ સ્વામીને વિનંતી કરી ગુણ : ૨

(૧) [✔] તમારું જ્ઞાન આપો. (૨) [ ] મહારાજનાં દર્શન કરાવો.

(૩) [✔] તમારું ઘર દેખાડો. (૪) [ ] મારા જીવને મુક્ત બનાવો.

૩. ભગતજી મહારાજે અમદાવાદ મંદિરમાં શ્રીજીમહારાજના મહિમાની વાતો કરતાં કહ્યું, ગુણ : ૨

(૧) [ ] આવા અનંત શ્રીમદ્‌નારાયણ આ મૂર્તિનું એક પગે ઊભા રહીને ધ્યાન કરે છે.

(૨) [ ] હું તો કેવળ દરજી છું તે ચાર ટાંકા તોડું છું અને ચાર ટાંકા જોડું છું.

(૩) [ ] માયા અને જગત જીવમાંથી કાઢું છું.

(૪) [✔] ભગવાન ને સાધુને જીવમાં ઘાલું છું.

**ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા**

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૧૨ | |
|---|---|---|

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૬)**

**નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે, તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામી પાસે :-** નિત્યાનંદ સ્વામીનો વિરહ અસહ્ય લાગવાથી જાગા ભક્તને અશાંતિ રહેવા લાગી ત્યારે ધર્માનંદ બ્રહ્મચારી તેમને વરતાલમાં પુરુષોત્તમ સ્વામી પાસે લાવ્યા ત્યારે સ્વામીએ કહ્યું આ વનનો રાજા ક્યાંથી આવ્યો ?

જ. **ગોપાળાનંદ** સ્વામીનો વિરહ અસહ્ય લાગવાથી **પ્રાગજી** ભક્તને અશાંતિ રહેવા લાગી ત્યારે **સિદ્ધાનંદ સ્વામી** તેમને **જૂનાગઢ**માં **ગુણાતીતાનંદ** સ્વામી પાસે લાવ્યા ત્યારે સ્વામીએ કહ્યું આ **વનનું મૃગલું ક્યાંથી આવ્યું ?**

ગુણ : ૧

૨. **વાંસદાના દીવાનને સત્સંગ :-** વિજ્ઞાનદાસજીના સમાગમથી વાંસદાના દીવાન નડિયાદના દેસાઈ રાવજીભાઈ મગનભાઈને જાગા ભક્તની સેવા કરવાની ઇચ્છાથી અમદાવાદના આચાર્ય મહારાજ અને બેચર ભગત ઉપર એમણે ચાર-પાંચ પત્રો લખ્યા.

જ. **યજ્ઞપુરુષદાસજી**ના સમાગમથી વાંસદાના દીવાન **વીરસદના અમીન ઝવેરભાઈ નાથાભાઈને ભગતજીનાં દર્શન સમાગમની** ઇચ્છાથી **વરતાલના** આચાર્ય મહારાજ અને **કોઠારી** ઉપર એમણે **બે-ત્રણ** પત્રો લખ્યા.

ગુણ : ૧

૩. **સાક્ષાત્કાર :-** પ્રાગજી ભક્તે પોણા ચાર દિવસ સુધી નિષ્કામભાવે સેવા કરી. તેથી ગોપાળાનંદ સ્વામીએ તેમને સભામંડપમાં બેસાર્યા. અગિયારમા દિવસની બપોરે ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શન થયાં.

જ. પ્રાગજી ભક્તે **સાડા ત્રણ વર્ષ** સુધી **નિર્દોષભાવથી** સેવા કરી. તેથી **ગુણાતીતાનંદ** સ્વામીએ તેમને **એકાંતમાં ધ્યાનમાં** બેસાર્યા. **દસમા** દિવસની **રાત્રે** તેમને **શ્રીજીમહારાજનાં** દર્શન થયાં.

ગુણ : ૧

૪. **જૂનાગઢમાં અપૂર્વ સન્માન :-** જૂનાગઢના અમીન હરિભક્ત આચાર્ય જટાશંકરે પોતાના શિષ્ય મણીલાલ ભટ્ટને કહ્યું, આ જાગા ભક્ત જેવા મોચી ગાદી ઉપર બેસે અને આચાર્ય એમને દંડવત્ કરે છે.

જ. જૂનાગઢના **નાગર** હરિભક્ત **ડૉ. ઉમિયાશંકરે** પોતાના **ગુરુ બાળમુકુંદદાસજીને પૂછયું**, આ **પ્રાગજી ભગત** જેવા **દરજી ઢોલિયા** ઉપર બેસે અને **સંતો** એમને દંડવત્ કરે ?

ગુણ : ૧

૫. **સત્સંગમાં સ્વીકૃતિ :-** ગઢડામાં ભીમજીભાઈ કોઠારીના ભાણા ગણપતભાઈએ આત્મસ્થિતિ સિદ્ધ કરવાના હેતુથી ગોપીનાથજી મહારાજની પ્રતિમા આગળ એક પગે ઊભા રહીને જનમંગલના પાઠ શરૂ કર્યા.

જ. **વરતાલ**માં **ગોરધનભાઈ** કોઠારીના **ભત્રીજા ગિરધરભાઈએ બ્રહ્મસ્થિતિ** સિદ્ધ કરવાના હેતુથી **હરિકૃષ્ણ** મહારાજની **મૂર્તિ** આગળ **એક પગે ઊભા રહીને માળા ફેરવવી શરૂ કરી.**

ગુણ : ૧

૬. **અંતિમ લીલા :-** સંવત ૧૮૫૮ના પોષ વદ ૧૪ના બપોરથી ડુંગર ભક્તની સ્થિતિ ગંભીર બની અને તેઓ બોલવા લાગ્યા મને જૂનાગઢ લ્યો.

જ. **સંવત ૧૯૫૪ના કાર્તિક સુદ ૧૩ના સવારથી પ્રાગજી** ભક્તની સ્થિતિ ગંભીર બની અને તેઓ બોલવા લાગ્યા મને **વરતાલ** લ્યો.

ગુણ : ૧

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા